
# કાર્તિક અને બીજા બધા

ધીરુબહેન પટેલ



# ઠંડી અને બંડી

હું આમેય જરા મોડો ઊઠવાવાળો છું. આઠ ને આડત્રીસે ઊઠવાથી ચાલે એમ હોય તો આઠ ને પાંત્રીસે ન ઊઠું. પણ કાલે તો પપ્પાએ ભારે કરી. હજી છ નહોતા વાગ્યા ને 'કાર્તિક! કાર્તિક!' બૂમો પાડીને ઘમસાણ મચાવી મૂક્યું. જાણે મને સાચા નામે ન બોલાવે એનું તો કંઈ નહીં - કારતક મહિનામાં જન્મ્યો છું એટલે બધા મને કાર્તિક કહીને જ બોલાવે છે ને મનેય હવે એવી ટેવ પડી ગઈ છે કે રસ્તામાં ચાલ્યો જતો હોઉં ને કોઈ મારા સાચા નામે બોલાવે તો પાછું વાળીને જોઉં પણ નહીં; તોય તે મારા જન્માક્ષરમાં ને સ્કૂલ-કૉલેજના રજિસ્ટરમાં કંઈ મારું નામ કાર્તિક નથી. કમથી કમ મારા પપ્પા તો એ જાણે જ છે - સવારના પહોરમાં મને બૂમો પાડીને ઉઠાડવો હોય તો એ મારું સાચું નામ વાપરી શકે, પણ આ તો બસ, કાર્તિક! કાર્તિક! એક ઉપર એક બંદૂકની ગોળીઓની જેમ ધનાધન છોડી જ મૂક્યું.

માંડ માંડ ઊઠીને હું એમની પાસે ગયો. મનને સમજાવતો હતો કે આખરે તો એ મારા પપ્પા છે. એ માંદા હોય કે બીજી કોઈ કટોકટી ઊભી થઈ હોય તો એમની પાસે જવું ને એમને મદદ કરવી એ મારી પવિત્ર ફરજ છે. મન સમજવા તૈયાર નહોતું. માંકડાની જેમ કૂદતું હતું અને મને પથારી તરફ ફરી ખેંચી જવા માગતું હતું, પણ હું ટક્યો. ચાલ્યો. પપ્પા સામે જઈને ઊભો રહ્યો. આંખો ખોલી અને પૂછ્યું, "શું છે?"

"બંડી!"

"તેનું શું છે?"

"મારી બંડી નથી જડતી."

"તેમાં હું શું કરું?"

"તેં જ લીધી હશે."

હું પગથી તે માથા લગી કે પછી માથાથી તે પગ લગી વીજળીનો આંચકો લાગ્યો હોય એમ ધ્રૂજી ઊઠ્યો.

હવે એમ ન માનતા કે પપ્પાની હાજરીમાં કે ગેરહાજરીમાં એમની કોઈ વસ્તુ હું વાપરતો નથી. બલકે એમની કેટલીક વસ્તુઓ- ખાસ કરીને જેના પર મનાઈહુકમ ફરમાવવામાં આવ્યો હોય તેવી વસ્તુઓ તરફ તો મને ખાસ આકર્ષણ છે - તેમ છતાં કોઈ પણ માણસ મને એટલી હદ સુધી ગયોગુજર્યો તો ના જ માની શકે ને કે એમની જમાનાજૂની, સત્તર કાણાંવાળી ને બે થીંગડાંવાળી ઘેરા ભૂરા રંગની બંડી હું વાપરું! એક તો એ બંડી પપ્પાએ એમના સુખી દિવસોમાં - વધારે વજનના દિવસોમાં સિવડાવેલી હોવાથી મોટા ઝોળા જેવી છે, એનાં અમુક બટન તૂટેલાં છે, એનું અસ્તર ફાટેલું છે અને વરસનો મોટો ભાગ ઇજિપ્તના રાજાઓનાં મડદાંની જેમ કશેક ઊંડાણમાં દટાઈ રહેતી હોવાથી એમાં એક જાતની વાસ આવે છે.

આવી ચીજને હું ચીપિયાથી પણ અડકું નહીં. તે હું લઉં શું કરવા? પપ્પાનો શક તદ્દન ગેરવાજબી હતો. છતાં આ પ્રકરણ બને એટલું વહેલું પતાવવા અને ફરી પથારી ભેગા થવા માટે મેં બહુ નમનતાઈથી કહ્યું, "મેં નથી લીધી."

"તો જાય ક્યાં?" પપ્પાએ રાડ પાડી. મારી બહેન લતા, એની સાથે રાતે વાંચવા આવેલી એની બહેનપણી કલબલ અને મમ્મી ત્રણે જણ ગભરાઈને ઓરડામાં ધસી આવ્યાં.

"શું થયું? કોણ? ક્યાં?" મમ્મીએ જલદી જલદી પૂછવા માંડ્યું.

"મમ્મી!" કહી લતા મમ્મીને વળગીને રડવા માંડી. એ એમ જ સમજી હશે કે ઘરમાં ચોર આવ્યા.

"અંકલ! વીમો તો ઊતરાવ્યો છે ને?" આ કલબલ પોતાની જાતને બહુ હોશિયાર માને છે. એક તો ચશ્માં પહેરે છે અને કાયમ આવા વાહિયાત સવાલો પૂછ્યા કરે છે.

પપ્પા તોપનું નિશાન ફેરવવા જરાય તૈયાર નહોતા. એમણે મારી સામે જ નજર માંડી રાખી અને ઘોઘરા સાદે ફરમાવ્યું, "મારી બંડી લાવ."

"પણ હું ક્યાંથી લાવું? મેં તો જોઈ જ નથી." મેં કહ્યું.

"મને બહાનાં નહીં - બંડી જોઈએ છે."

"અરે પણ મને બંડીની કશી ખબર જ નથી!"

"જુઠ્ઠા!" પપ્પાએ એવા તિરસ્કારથી મારી સામે જોયું કે મમ્મીથી ન સહેવાયું.

"તમે એને બિચારાને એમ નહીં કરો!" કહેતી એ રણમેદાનમાં કૂદી પડી.

"તું વચ્ચે ના બોલ! તેં જ એ છોકરાને બગાડ્યો છે."

હવે મને કોણે બગાડ્યો છે એ બાબતમાં મારા ઘરમાં મતભેદ છે. મમ્મી માને છે કે મને પપ્પાએ બગાડ્યો છે જ્યારે પપ્પાનું ચોક્કસ માનવું છે કે એ કામ મમ્મીનું છે. આ બાબતસર એ લોકો ઘણી વાર લડે છે પણ ક્યારેય એ લોકો નક્કી નથી કરી શકતાં કે ખરેખર એ જવાબદારી કોની છે. હા, હું બગડ્યો છું કે નહીં એ વિશે ક્યારેય મતભેદ ઊભો થતો નથી. હું ખરેખર બગડી ચૂક્યો છું અને બહુ જ બગડી ગયો છું એ વિશે એ લોકો એકદમ સંમત છે.

મને એમના આ અજ્ઞાનની દયા આવે છે. ખરું જોતાં આ અમારું ઘર જેવું છે તેવું – ચાલે છે ફક્ત મારે લીધે. પપ્પા કમાઈ લાવે, મમ્મી રસોઈ કરે ને લતા આંટાફેરા મારે તે ખરું - પણ એટલેથી શું ઘર ચાલતું હશે? જવા દો, એ વાત ફરી કોઈ વાર.

"અંકલ! તમે એ બંડી છેલ્લી ક્યારે જોયેલી?" કલબલે શેર લોક હોમ્સની અદાથી પૂછ્યું.

"ગયે શિયાળે. લગભગ આ જ ટાઇમે. કેમ લતા, તને યાદ છે ને? આ અરસામાં જ મેં ફરવા જવાનું શરૂ કરેલું ને?"

"હા પપ્પા!" બહેન ડાહીડમરી થઈને બોલી.

"તે તમે પાછા ફરવા જવાના છો? એ જૂની બંડી પહેરીને?" મમ્મીએ પૂછ્યું.

"હા, કાર્તિક! જલદી કર, મને ફરવા જવાનું મોડું થાય છે."

મમ્મીએ મારું ઢીલું મોં જોઈને કે બીજા કોઈ પણ કારણે બરાબર કમર કસીને જંગમાં ઝુકાવ્યું. એણે કહ્યું, "એમ શું કરતા હશો બિચારા છોકરાને! એણે કહ્યું ને, એણે નથી લીધી!"

"તો પછી જાય ક્યાં?"

આ પ્રશ્નના જવાબમાં કબાટો ખૂલ્યાં. જૂનાં કપડાંની પોટલીઓની ગાંઠ છોડવામાં આવી. ખાટલા પરનાં ગોદડાં ઊંચકવામાં આવ્યાં. માળિયે ચડાવી દીધેલી પેટીઓ ઉતારવામાં આવી. મમ્મી એકધારું બોલ્યે જતી હતી કે કોઈ પણ સારું માણસ એ બંડી પહેરીને બહાર ના જઈ શકે. કાં તો તેની પાછળ કૂતરાં પડે અગર તો મંદિરેથી જતા-આવતા દયાળુ માણસો આ બંડી પહેરનારના હાથમાં દસ-વીસ પૈસા મૂકે... વળી ઠંડી પણ હજી એવી શરૂ નથી થઈ કે માણસે બંડી પહેરવી જોઈએ. તેમાંય નવી હોય અને બરાબર બંધબેસતી હોય તો ઠીક વાત છે!

જ્યારે જ્યારે મમ્મી શ્વાસ લેવા અટકતી ત્યારે પપ્પા મારી સામે ઠપકાભરી નજરે જોઈને પૂછી લેતા હતા, "સાચું બોલ! મારી બંડી તું નથી પહેરી ગયો? ને કોઈ દોસ્તદારને ત્યાં નથી મૂકી આવ્યો?" દરેક વખતે હું એમને વિવેકથી ના પાડતો હતો, પણ જ્યારે એમણે એમ પૂછ્યું કે ગયે અઠવાડિયે ઊજવાયેલા કૉલેજ-ડેના ફંક્શનમાં તો હું એ નહોતો પહેરી ગયો ને? ત્યારે હદ આવી ગઈ. હું બોલી જ ન શક્યો. મેં ફાટે ડોળે એમની સામે જોયા જ કર્યું તેથી ઉત્સાહમાં આવીને એ બોલવા લાગ્યા, "રજની, શોધતી નહીં... આ તારા ચિરંજીવીનાં જ પરાક્રમ છે. એ જ કૉલેજ-ડેમાં પહેરી ગયેલો. જરા ઠંડીનો ચમકારો પણ હતો જ તો! અલ્યા, સાચું કહે, ક્યાં ભૂલી આવ્યો છે?"

મારી હણાઈ ગયેલી વાચા પાછી આવી. મેં એમની સામે જોઈને પૂછ્યું, 'પપ્પા! તમે ખરેખર એમ માનો છો કે હું તમારી બંડી કૉલેજ-ડેમાં પહેરી જાઉં?"

એમણે જોરદાર રીતે ડોકું હલાવ્યું.

"તમને ખબર છે કે કૉલેજમાં "રૅગિંગ' નામની પ્રથા હોય છે? તમારી બંડી પહેરીને હું જાઉં તો જીવતો પાછો આવું કે?"

અંદરથી ગરમાગરમ ચાના પ્યાલા લઈને આવતી લતા અને કલબલ ઉર્ફે કપિલાએ આ પ્રશ્ન સાંભળ્યો અને બંને જણ મને મજબૂત ટેકો આપવા મચી પડ્યાં. 'રૅગિંગ'ને નામે જૂના છોકરાઓ નવા છોકરાઓ પર કેવા જુલમ ગુજારે છે તેનું એવું રસિક વર્ણન કલબલે કર્યું કે મારી મમ્મી બિચારી કહેવા લાગી, "એવું હોય તો આપણે કાર્તિકને ઉઠાડી લઈએ!" જોયું? નવા ભોગ લાગ્યા ને? મને ખાતરી થઈ ગઈ કે મારે માટે દિવસ સવળો નથી ઊગ્યો... મેં માંડ માંડ મમ્મીને સમજાવી કે મારી કૉલેજના છોકરાઓ જીવદયામાં માનવાવાળા છે અને માંકડ પણ મારતા નથી - કૉલેજના બાંકડામાં છુપાયેલા માંકડ કપડાંમાં ચડી ન જાય એટલા માટે ક્લાસમાં પણ જતા નથી - મોટે ભાગે બહાર બાગમાં ને મેદાનમાં જ લટાર મારતા હોય છે - ત્યારે એને ચેન પડ્યું.

બહાર ઠંડી વધતી જતી હતી તેમ તેમ પપ્પાના ભેજાની ગરમી પણ વધતી જતી હતી. થોડે થોડે વખતે તેઓ ઘડિયાળ સામે જોતા અને 'હમણાં મનુભાઈ આવશે. હું હજી તૈયાર નથી થયો. હું એમને જવાબ શો આપીશ? મારી બંડી ગઈ ક્યાં? જાય ક્યાં? ચોક્કસ તેં પ્યાલા-બરણીવાળાને આપી દીધી હશે!" એવું એવું બોલ્યે જતા હતા.

મમ્મી રડવા જેવી થઈને કહેવા લાગી, "ભાઈસા'બ, એ બંડી તો લઈ જવાનાય પૈસા આપવા પડે, એને તે પ્યાલા-બરણીવાળો લેતો હશે?"

''તો પછી ભગવાન ચોરી ગયો! તેં એને બહુ જ મોઢે ચડાવી મૂક્યો છે''.

ભગવાન એટલે અમારો જૂનો અને અમે જેને માટે જરાય લાયક નથી એટલો બધો વફાદાર,

કામગરો અને પ્રામાણિક નોકર. પપ્પાએ સવારના પહોરમાં ભગવાનનું નામ આ રીતે લીધું તે મમ્મીને ના ગમ્યું. એણે મોંએ આંગળી મૂકીને એમને ચૂપ રહેવા ફરમાવ્યું અને ધીરા અવાજે બોલી, “સાંભળશે તો એને ખોટું લાગશે.”

“ભલે લાગતું.”

“જતો રહેશે.!”

આ વખતે મારા બહાદુર પપ્પા પાછા પડ્યા. ભલે જતો રહે એમ ના બોલી શક્યા. એમની સ્મરણશક્તિ એટલી નબળી નથી થઈ ગઈ કે ગયે વખતે ભગવાન રિસાઈને જતો રહ્યો હતો ત્યારે અમારા બધાના અને ઘરના શા હાલ થયા હતા તે ભૂલી જાય. પપ્પા મૂંગા રહ્યા. એ તકનો લાભ લઈને મમ્મીએ કહ્યું, “તમે વળી પાછું આ ફરવા જવાનું લફરું ક્યાંથી કાઢ્યું?”

“આવી ગુલાબી ઠંડીમાં માણસ ફરવા ના જાય તો શું ઘરમાં બેસી રહે? ફરવાથી તબિયત સુધરે, ખબર છે?”

“ખબર છે. મનુભાઈ સાથે રિલાયન્સની ને આખા શૅરબજારની ચોવટ કરશો ને દસ વાગ્યે નળ જતા રહેશે ત્યારે ફરીને પાછા આવશો. નાસ્તા વગર પિત્ત ચડશે ને માથું દુખશે એટલે આખો દહાડો ઘરમાં પડી રહેશો - એ તમારો તબિયત સુધારવાનો પ્રોગ્રામ!”

“રજની!”

“હું સાચું કહું છું. લો, ચા પી લો!”

“મને મારી બંડી જોઈએ.”

જ્યાં બંડી હોઈ શકે એવી તમામ જગ્યાઓ તો અમે શોધી ચૂક્યા હતા એટલે હવે જ્યાં કોઈ હિસાબે બંડી ન જ હોઈ શકે એવાં સ્થળોએ શોધ આદરી, કારણ કે મારા પૂજ્ય પિતાશ્રી બંડી મેળવ્યા વગર જંપશે નહીં એ અમે સૌ જાણતા હતા. કલબલ તો મારે ઘેર જવું છે કહીને ભાગી ગઈ એટલે મમ્મી, હું અને લતા મંડી પડ્યાં. થોડી વારમાં ભગવાન ઊઠશે અને ઘરમાં બધું રમણભમણ થયેલું જોઈને શું કહેશે તેની ચિંતા પણ મનમાં હતી જ.

વ્યગ્ર ચિત્તે બંને ભગવાનનું પળે પળે સ્મરણ કરતાં અમે ત્રણ આખું ઘર ઊલટપાલટ કરતાં હતાં તેવામાં લતાએ ગર્જના કરી, “આ રહી!”

અથાણાની જૂની બરણીમાં તડ પડવાથી તે કાઢી નાખવાનું નક્કી થયા પછી કોઈએ એમાં ફૂલનો છોડ ઉગાડવાની સૂચના કરવાથી એ બરણી બારણા પાછળના ખૂણામાં પડી રહી હતી. એની અંદર કોઈ પણ કારણસર એ બંડી કોઈએ ડૂચો વાળીને નાખી હતી અને લતાએ જ્યારે બહાર કાઢી ત્યારે એના હાલ કોઈ પણ વર્ણવી ન શકે એવા હતા.

“હાશ! આખરે જડી! શાબાશ બેટા!” કહી પપ્પા હોંશભેર બંડી લેવા આગળ ધસ્યા અને એને પ્રેમથી પંપાળતા સહેજસાજ ખંખેરવા લાગ્યા.

“આ તમે પહેરશો?”

“હાસ્તો વળી! જડી છે ને નહીં પહેરું?”

“ભાઈસાહેબ હવે તો તમે હદ જ કરો છો. આ પહેરીને તે બહાર જવાતું હશે?”

“જોઉં છું મને કોણ રોકે છે?” કહી પપ્પાએ હવે ખુલ્લી થયેલી બંડીમાં એક હાથ ખોસ્યો. તે જ વખતે મનુકાકાનો પ્રવેશ થયો એટલે એમણે મારા પપ્પાને અટ્ટહાસ્યથી વધાવ્યા. જરાય

મોળા પડ્યા વગર પપ્પા આખી બંડી પહેરી લઈને બટન શોધતાં શોધતાં મનુકાકાને કહેવા લાગ્યા, "ચાલો, તૈયાર છું."

"શ્રીકાંતભાઈ, આ શો વેશ કાઢ્યો છે?"

"કેમ? આ તો મારી બંડી છે."

"તે હશે ત્યારે હશે! અત્યારે તો પાગલખાનાના યુનિફૉર્મ જેવી લાગે છે."

"શું કહ્યું?"

"હા. કાઢી નાખો, આ પહેરીને બહાર ના જવાય."

"એમ?"

"હા."

"વારુ ત્યારે!" કહી પપ્પા બંડી કાઢી નાખીને ઉદાસ થઈને બેસી ગયા.

"કેમ? ફરવા નથી આવવું?"

"ના, આટલી ઠંડીમાં બંડી વગર કેમ ફાવે?"

"તો તમારી મરજી." કહી મનુકાકા પપ્પાની બાજુમાં બેસી ગયા. મમ્મીએ પપ્પા સામે જોયું. પપ્પાએ દિલ કઠણ કરીને કહ્યું, "વારુ ત્યારે, લઈ જા! તારે જે કરવું હોય તે કર."

મમ્મીને આખરે પપ્પા માટે લાગણી તો હોય જ ને! એ બંડી તો લઈ ગઈ, પણ પોતાની નવી કાશ્મીરી શાલ લઈ આવી અને બોલી, "લો, આ ઓઢીને ફરવા જાઓ. સરસ લાગશે."

પપ્પાએ શાલ સામું જોયું અને માથું ધુણાવ્યું. મનુકાકા આગ્રહ કરવા લાગ્યા, "ચાલો ને! તમારે લીધે તો હું વહેલો ઊઠીને આવ્યો. આ શાલ ફક્કડ છે. અને હમણાં કંઈ એટલી બધી ઠંડી નથી. ચાલો ચાલો, પછી નવી બંડી સિવડાવી લેજો."

"ના, મારે હવે બંડી સિવડાવવી જ નથી." પપ્પા અત્યંત દુઃખી થઈને બોલ્યા અને કચવાતે મને શાલ ઓઢીને ફરવા ચાલ્યા ગયા.

મારે આ બંડીની વાત આટલા વિસ્તારથી તમને કરવી નહોતી, પણ બંડી જાણ્યા વિના મારા પપ્પાને તમે ના જાણી શકો અને રામાયણમાં પણ જેમ રામને જાણતાં પહેલાં દશરથને જાણવા પડે છે તેમ મને જાણતાં પહેલાં તમારે મારા પપ્પાને તો ઓળખવા જ પડે ને!

(મને જાણવામાં કદાચ તમને એટલી દિલચસ્પી ના હોય - બની શકે. હું સમજી શકું છું. રામના જમાનામાં રામને જાણવામાં કોને દિલચસ્પી હતી? કમથી કમ પેલા ધોબીને તો નહોતી જ. એને લંકામાં શું બન્યું હતું એ જાણવામાં વધારે રસ હતો, પરંતુ ધોબીઓની બહુમતી કોઈ પણ જમાનામાં કોઈ પણ દેશમાં હતી નહીં, છે નહીં અને થશે પણ નહીં. જુઓને, રામના વખતમાંય ધોબી તો એક જ હતો ને! આજના વખતમાં બહુ બહુ તો દસ-બાર હશે. એ દસ-બાર વિનાના બીજા બધા તો હું વિનમ્રભાવે માનું છું કે મને જાણવામાં કશો અફસોસ નહીં અનુભવે. કહેવત છે ને, ઓળખાણ તો સોનાની ખાણ છે! આપણી અરસપરસ ઓળખાણ થશે તો ઘણું સોનું આપણા બંનેના હાથમાં આવશે અને તે પણ સરકાર જપ્ત ન કરી શકે એવું. હા, થોડીક મહેનત કરવી પડશે, મારે લખવાની અને તમારે વાંચવાની. પણ હું માનું છું કે સોદો એકંદરે લાભદાયક નીવડશે!)

# જડાવ જડાવના પ્રણયજાપ!

ઠંડીનો ચમકારો સહેજ વધ્યો હતો. પપ્પા ગયા રવિવારનો વધારો વાંચવાનો રહી ગયેલો તે પાનાં શોધી ગોઠવીને બરાબર રસથી વાંચવાની તૈયારી કરતા હતા. મારા પપ્પા કોને ખબર કેમ, રવિવારનાં છાપાં બુધવારે કે ગુરુવારે જ વાંચતા. મને તો વાસી છાપાં વાંચવાં ન ગમે. પણ પપ્પા છાપાંને કેરી કે કેળાંની માફક બરાબર પાકવા દેતા. પછી જ હાથ અડાડતા. ખાસ કરીને તહેવારોની કે રવિવારની પૂર્તિઓને. દિવાળી અંકો વાંચવાનું એ સંક્રાંતના અરસામાં શરૂ કરતા અને કોઈ પાનાં ફાટી ગયાં કે ચોળાઈ ગયાં હોય તો બૂમાબૂમ કરતા. એ એમનો શોખ હતો.

મમ્મી પપ્પાને માટે સ્વેટર ગૂંથતી હતી. જોકે પપ્પાએ તો બંડી ગઈ એટલે હવે કશું જ ગરમ નથી પહેરવું એવું જાહેર કર્યું હતું, પણ આખરે મમ્મી કુમળા દિલની છે. એને પપ્પાની દયા આવી અને એણે આ સ્વેટર ગૂંથવાનું શરૂ કર્યું. આ કળામાં એ બહુ હોશિયાર નથી, એટલે ક્યારેક ક્યારેક એના ટાંકા વધી જાય છે અગર ઘટી જાય છે, અગર પડી જાય છે અને એવે વખતે મારે કે લતાએ ગણી આપવા પડે છે. મને એ વાતનો બહુ કંટાળો છે. આબરૂનો પણ વિચાર કરવાનો હોય ને! ધારો કે હું હાથમાં સોયા લઈને આવી રીતે ટાંકા ગણતો હોઉં અને મોના કે વીકી કે માઝમ કે બીજું કોઈ આવી ચડે તો! કેવું દેખાય? એ લોકો મારે માટે શું વિચારે? પણ મમ્મીને આવી બધી વાતની કંઈ પરવા હોતી નથી. એ તો ગમે ત્યારે, ગમે ત્યાં એના સોયા લઈ આવીને ઊભી રહે - કહેશે - “મને ગણી આપ ને કાર્તિક! એકસો ચાળીસ છે કે એકસો સાડત્રીસ?”

લતા અને કલબલ એલાર્મ કેટલા વાગ્યાનું મૂકવું એ બાબતમાં કચકચ કરતાં હતાં. જોકે વારંવાર ઘંટડીઓ વાગે તોય બેમાંથી એકે જાગતાં તો નહીં જ. બિચારી મમ્મીને જ એલાર્મ બંધ કરવા અને એ લોકોને જગાડવા ઊઠવું પડતું. એ કહેતી કે “ભાઈસા’બ એલાર્મ મારી રૂમમાં જ મૂકો ને!” પણ એ લોકો માનતાં નહીં અને મમ્મીને હંમેશાં સફાળા ઊઠીને દોડાદોડ કરવી પડતી.

અચાનક મમ્મી બોલી, “મને એક વિચાર આવે છે!” તરત હું સાઇકલનાં ટાયરમાં હવા બરાબર છે કે નહીં એ જોવા ઊઠ્યો. કારણ કે મમ્મીને જ્યારે જ્યારે વિચાર આવે છે ત્યારે ઘરમાં હોનારત સર્જાય છે અને હું કોઈ ને કોઈ રીતે એમાં સંડોવાઈ જાઉં છું એટલે એવે વખતે હું હાજર કરતાં ગેરહાજર હોઉં તો વધારે સારું.

“અત્યારે ક્યાં ચાલ્યો?” પપ્પાએ પૂછ્યું.

“હું તો... સાઇકલ બરાબર છે કે નહીં તે જોવા જતો હતો.”

“સાઇકલ કંઈ કૂતરું છે કે એને જોવા જવાની હોય? બેસી જા.”

હું બેસી ગયો. લાચાર હતો. એક તો હું પપ્પા કરતાં ઘણો બધો નાનો છું. વળી અત્યારે એમને છાપાંનાં પાનાં પૂરાં મળ્યાં નહોતાં એટલે એમને છંછેડવામાં સાર નહોતો.

મમ્મીએ આગળ ચલાવ્યું, "મને એમ વિચાર આવ્યો કે આપણે આ બહાર જવાના બારણા વચ્ચે પાટિયું નખાવી લઈએ."

"પાટિયું? પાટિયું શા માટે?" પપ્પા ગૂંચવાયા.

"એવું છે ને, પાટિયું ન હોય તો બહુ મુશ્કેલી પડે. આપણી લતા મોટી તો થવાની જ ને!"

"હા."

"પછી આપણે એને પરણાવીશું. પછી એ કોઈક દિવસ પિયેર તો આવશે જ ને? તે વખતે જો આપણા બારણામાં પાટિયું નહીં હોય તો એનો ભાણો આખો દિવસ બહાર દોડી જશે. કોણ એને પકડવા દોડશે? હું તો ઘરડી થઈ ગઈ હોઈશ એટલે પગે વા આવ્યો હશે એટલે હું તો નહીં જ દોડી શકું - આ તમને કહી દીધું."

પપ્પાએ મારી તરફ જોયું. હું દોડીશ કે નહીં એ જાણવા માટે નહીં, પરંતુ મમ્મીની આ વાતની મારા પર શી અસર થાય છે તે જોવા. હું તો ડાહ્યોડમરો થઈને વાંચવા બેસી ગયો હતો, કારણ કે હું જાણતો હતો કે મમ્મી મારી પાસે જ ફર્નિચરવાળાને ફોન કરાવશે. અને રાતે દસ વાગ્યે ફર્નિચરવાળો ગમે એવો ઓળખીતો હોય તો પણ એને ઘેર ફોન કરીને બારણામાં પાટિયું નંખાવવા વિશે વાત કરવી એ મારા મત પ્રમાણે બરાબર નહોતું, પણ મારા મતની તો આ ઘરમાં કોણ દરકાર જ કરે છે?

"કાર્તિક!"

"હં."

"ઊઠ તો - પટેલકાકાને ફોન કર તો!"

"અત્યારે?"

"પછી રહી જાય. ભુલાઈ જાય. અને વખતને જતાં કંઈ વાર લાગે છે? ચાલ, ઊઠ! પટેલકાકાને કહી દે કે કાલે ને કાલે જ માણસને મોકલી દે."

"કાલે કહી આવીશ."

"ના રે! એ વાયદો ખોટો. હમણાં જ ઊઠ. નહીંતર એક કામ કર, આટલા ટાંકા ગણી આપ જોઈએ... એકસો પિસ્તાળીસ કેમ થાય છે? એટલામાં હું ફોન કરી દઉં. નહીંતર તમે જ કરો ને!"

"હું?" છાપામાં ડૂબેલા પપ્પા બોલ્યા.

"હા. તમે."

"અત્યારે હું રણજિતને એમ કહું કે સવારે માણસને મોકલે?"

"હા."

"બારણામાં પાટિયું નંખાવવા?"

"હા."

"રજની! તું થાકી ગઈ છે. સૂઈ જા! આ સ્વેટર ગૂંથવાથી તારા ભેજાને બહુ ત્રાસ પહોંચ્યો છે. આખરે તું આ સ્વેટર ગૂંથે છે કોને માટે? મેં તો કહી દીધુંને, મારી બંડી ગઈ એટલે હવે મારે ગરમ કપડાં પહેરવાં જ નથી!"

"તમે એમ વાત ઉડાવો નહીં."

"કઈ વાત?"

"પાટિયું નંખાવવાની."

"હં... જો રજની, તારો મુદ્દો સાચો છે, પણ વધારે પડતો વહેલો છે."

"એટલે?"

"એટલે એમ કે આપણે પાટિયું નંખાવવું જોઈએ અને નંખાવીશું જ, પણ અત્યારે નહીં."

"કેમ?"

"કારણ કે હજી તો લતાને પંદર વરસ જ થયાં છે."

"તેથી શું? એ મોટી નહીં થાય?"

"થશે, ત્યારની વાત ત્યારે."

મારે મૂંગા રહેવું જોઈતું હતું, પણ મારાથી રહેવાયું નહીં. મેં કહી નાખ્યું, "મમ્મી! જો તું પાટિયું નંખાવીશ તો લોકો તારી પાસે પેંડા માગશે."

"પેંડા? શાના પેંડા?"

"કેમ? કહેશે કે લતાને ભાણો આવ્યો ને અમને જણાવ્યું પણ નહીં?"

મારી આ દલીલે મમ્મીને જમીનદોસ્ત કરી નાખી. હજી તો લતા એસ.એસ.સી. પાસ થાય એના પેંડા વહેંચવાના બાકી હતા. એના વિવાહના પેંડા બાકી હતા. લગનના પેંડા બાકી હતા. સીમંતમાં જો વહેંચાતા હોય તો તે પેંડા બાકી હતા... આ બધા પેંડા વહેંચાયા પહેલાં ભાણો આવ્યાના પેંડા ક્યાંથી વહેંચાય?

નિરાશ થઈને મમ્મી બોલી, "સારું ત્યારે, હમણાં રહેવા દો."

પપ્પાએ નવાઈ પામીને મારી સામે જોયું. હું મમ્મીને સમજાવી શકું એ બહુ કહેવાય એવો એમના ચહેરાનો ભાવ હતો. એ બાબત પર ખોટું લગાડીને સૂવા જતું રહેવું કે વિજયનો આનંદ માણવા થોડી વાર ત્યાં જ બેસી રહેવું એ હું નક્કી કરું તે પહેલાં બારણાની ઘંટડી રણકી. ના, રણકી નહીં - રડી ઊઠી, ચીસ પાડી ઊઠી. કોઈએ ઘણા જ જોરથી એનું બટન દબાવ્યું હતું અને પછી દબાવેલું જ રાખ્યું હતું.

મેં દોડીને બારણું ખોલ્યું. સામે દલસુખકાકા ઊભા હતા. એમણે રાતે જે પહેરતા હશે તે પંચિયું બદલવાની તસ્દી નહોતી લીધી. ઉપર બાંય વગરની બે બાજુ ગજવાંવાળી ભટાબંડી પહેરી હતી. એ તો ઠીક હતું કે અમે એમને ઓળખતા હતા બાકી તો રસોઇયો અધવચ્ચે ઊઠીને બાજુમાં માચીસ માગવા આવ્યો હોય એવા જ દેખાતા હતા.

એમણે હાથીની ચાલે અંદર આવીને પપ્પાની બાજુમાં પોતાનું શરીર પડતું નાખ્યું. શ્વાસની ધમણ ધીરી પડી એટલે પૂછ્યું, "જડાવ ક્યાં છે?"

"જડાવબહેન? એ તો અહીં આવ્યાં જ નથી." મમ્મી બોલી. દલસુખકાકા થોડી વાર એની સામે જોઈ રહ્યા. પછી પપ્પા તરફ ફરીને કહેવા લાગ્યા, "જુઓ શ્રીકાંતભાઈ! તમે સારા માણસ છો. તમારાં વાઇફને સમજાવો કે જડાવને બહાર બોલાવે."

સારા માણસનો ઇલકાબ મળવાથી પપ્પા એટલા તાનમાં આવી ગયા કે પોતે ભૂલી જ ગયા કે જડાવકાકી અહીંયાં નથી. તરત મમ્મીને કહેવા લાગ્યા, "હા, હા, બોલાવ ને! એમાં શું?"

"શું તમે પણ?" મમ્મી ઠપકાભરી નજરે એની સામે જોઈ રહી.

દલસુખકાકાનો વહેમ વધ્યો. એમણે નક્કી માની લીધું કે જડાવકાકી અમારા ઘરમાં જ છે અને મમ્મી જાણી જોઈને એમને બોલાવતી નથી. ગળગળા સાદે એ બોલ્યા, "આટલે ઘરડે ઘડપણ મારું શું થશે રજનીબહેન?"

મમ્મી મૂંઝાઈ ગઈ. હાથમાંનું સ્વેટર ટી.વી. પર નાખી દઈને પપ્પા પર ગુસ્સો કરવા લાગી, "શું તમે પણ વગર વિચાર્યે જેમ ફાવે તેમ બોલો છો? ક્યારનાં તો આપણે અહીં બેઠાં છીએ. જડાવબહેન આવ્યાં છે અહીં?"

"ના... આવ્યાં તો નથી." પપ્પા અચકાતે સાદે બોલ્યા.

"તો તમે શું જોઈને મને કહો છો કે બોલાવ?"

મમ્મી વધારે ચિડાઈ. ઓચિંતા જાડા દલસુખકાકા સોફા પરથી ઊઠ્યા અને મારી મમ્મીના પગમાં પડ્યા. મમ્મી ગભરાઈને બે ડગલાં પાછળ હઠી ગઈ. ઊંચું જોઈને દલસુખકાકા બોલવા લાગ્યા, "હવે હું એને કોઈ દિવસ કશું નહીં કહું. મીઠું વધારે પડ્યું હશે તોય નહીં કહું ને રહી ગયું હશે તોય નહીં કહું - બસ? હવે તમે એને બોલાવો!"

"પણ દલસુખભાઈ, જડાવબહેન ખરેખર અહીં નથી આવ્યાં."

"હું ના માનું."

"પણ ન આવ્યાં હોય તો?"

હવે દલસુખકાકા મૂંઝાયા. મારા પપ્પાને પૂછવા લાગ્યા, "તો પછી એ જાય ક્યાં? આમ તો રજનીબહેન સિવાય કોઈને ત્યાં એ જતી જ નથી. રાતને ટાઇમે તો ના જ જાય... એ ક્યાં ગઈ હશે?"

"શું થયું દલસુખભાઈ! બધી માંડીને વાત કરો."

"શી વાત કરું ભાઈ? મોઈ મારી જીભ. આજે સાંજે જમવા બેઠો તે શાક મને બહુ ખારું લાગ્યું. થોડું બળી ગયું હતું એટલે વધારે ખારું લાગતું હશે."

"પછી?"

"પછી મારાથી ચિડાઈ જવાયું. મારાથી એને બે બોલ કહેવાઈ ગયા... પણ તમારા સમ, શ્રીકાંતભાઈ! મેં એના ઉપર હાથ નહોતો ઉપાડ્યો, હોં!"

"પછી?"

"તે વખતે તો એ કંઈ બોલી નહીં. ઊલટાની મને લીંબુની ચીર કરી આપી."

"પછી?"

"પણ પછી એ ઘરમાં દેખાતી નથી... મને એમ કે આટલા-તેટલામાં ગઈ હશે ને હમણાં આવશે એટલે હું રાહ જોતો બેસી રહ્યો, પણ આ તો દસ વાગ્યા."

"હા. મોડું તો થયું જ છે."

"શ્રીકાંતભાઈ! જડાવ નહીં જડે તો હું મરી જઈશ!"

આનું આ જ વાક્ય કોઈ પચીસેક વરસનો જુલ્ફેદાર જુવાનિયો બોલ્યો હોય તો માણસનો જીવ વલોવાઈ જાય. પણ ભટાબંડી ને પંચિયું પહેરેલા, કાબરચીતરા ટૂથબ્રશ જેવી મૂછોવાળા

ટાલિયા અને જાડા દલસુખકાકાને મોંએ એ જામતું નહોતું. મને હસવું આવ્યું. આમને વળી આ ઉંમરે જીવવું શું ને મરવું શું? તેમાંય જડાવકાકી ના જડે એમાં તે શું? એ કંઈ લયલા કે શીરીન કે જુલિયેટ થોડાં જ હતાં? કે કોઈ એમની પાછળ મરવા પડે?

મને હસતો જોઈને દલસુખકાકા જમીન પરથી ઊભા થયા. એમને મૂળે તો અમારા ઘરનો વહેમ હતો જ. હવે એમને ખાતરી થઈ ગઈ કે અમે જ જડાવકાકીને સંતાડ્યાં છે. કરુણ રસ પડતો મૂકીને એ વીર રસમાં પ્રવેશ્યા. સિંહ જેવી ગર્જના કરીને બોલ્યા, “શ્રીકાંતભાઈ! આનું પરિણામ સારું નહીં આવે.”

“શેનું?”

“જાણી જોઈને અજાણ્યા થાઓ છો? જડાવને સંતાડી રાખી છે ને હું એને લેવા આવ્યો છું તોય બોલાવતા નથી? હમણાં ને હમણાં એને બોલાવો નહીંતર-”

મારા પપ્પાને કોઈ પોતાને ધમકાવે એ પસંદ નથી. સોફા પરથી એ પણ ઊઠ્યા. રવિવારનાં છાપાંનાં પાનાં એમની ચારે બાજુ વીંટળાઈ વળ્યાં. શૂરવીર યોદ્ધાને જેબ આપે એ રીતે એ બોલ્યા, “નહીંતર શું કરી લેશો?”

“એમ? જોવું છે?” ભટાબંડીને બાંયો નહોતી નહીંતર દલસુખકાકા જરૂર એ ચડાવત.

“અરે ભાઈસા’બ, તમે લોકો આ શું કરો છો? જડાવબહેન તો અહીં છે જ નહીં. અને તમેય ખરા છો ને! દલસુખભાઈને ચીડવો છો શું કરવા?” મમ્મી બોલી. પણ એનું સાંભળવા કોણ તૈયાર હતું?

દલસુખકાકાએ મકાનની અગાસીમાં પણ તડ પડે એટલા જોરથી બૂમ પાડી, “જડાવ! ઓ જડાવ! બહાર નીકળ.” અને પછી એ જાતે જડાવકાકીને શોધવા અંદર જવા લાગ્યા.

“નહીં - બિલકુલ નહીં. મારા ઘરમાં તમે એમ મારી રજા વગર અંદર ન જઈ શકો.”

“તે શું કરી લેશો?”

“તમારી સામે કેસ માંડીશ.”

“તે તો કાલે સવારે ને? હું તો અત્યારે જ તમારા ઘરની તલાશી લઈશ. તમે લોકોએ જ મારી બૈરીને મારી વિરુદ્ધ બહેકાવી છે અને તમારા ઘરમાં સંતાડી રાખી છે. તમે તે શું કેસ માંડતા હતા? હું સામે ચાર કેસ માંડીશ.”

“તમે શેનો કેસ માંડશો?”

“મારી બૈરીને બહેકાવવાનો. સંતાડી દેવાનો, જૂઠું બોલવાનો અને અને હા, મારી ઠેકડી કરવાનો. તમારો આ દીકરો મારા ઉપર હસ્યો... રીતસર હસ્યો અને તમે એને વાર્યો નહીં. આ તે કંઈ સારા માણસનાં લક્ષણ કહેવાય?”

“તમે જ કહેતા હતા કે હું સારો માણસ છું.”

“તે તો પહેલાં. પણ જવા દો, મારે તમારી જોડે જીભાજોડી નથી કરવી. પહેલાં મને મારી જડાવને શોધી કાઢવા દો.” કહી દલસુખકાકા અંદર ધસ્યા. એમને અટકાવવાના ઇરાદાથી મારા પપ્પા એમની પાછળ દોડ્યા. શું થાય છે તે જોવા હું પાછળ પાછળ ગયો અને મમ્મી “હે ભગવાન! આ બધું શું થવા બેઠું છે?” કહેતી કહેતી સ્વેટર ગૂંથવા લાગી.

ખરું જોતાં એણે એ વખતે સ્વેટર ગૂંથવા જેવું નહોતું. આમાં તો એના ટાંકા એકસો પિસ્તાળીસને બદલે એકસો તેવીસ કે એકસો સત્તાવન થઈ જાય એવી પૂરી શક્યતા હતી. પણ ક્યારે ગૂંથવું ને ક્યારે ન ગૂંથવું તે મમ્મી સમજતી નથી.

આગળ દલસુખકાકા, પાછળ એમને અટકાવવા માગતા પપ્પા અને તમાશો જોતો હું - એમ અમારું સરઘસ આખા ઘરમાં ફરી વળ્યું. મેં ધારેલું તેમ લતા અને કલબલ રેડિયો અને લાઇટ બંને ચાલુ રાખીને પોતાની બેય બાજુ ચોપડીઓ અને નોટબુકોનો ઢગલો કરીને ઘસઘસાટ ઊંઘતાં હતાં. નક્કી એ લોકો પરીક્ષામાં ફેલ થશે. હશે, મારે શું?

દલસુખકાકા નિરાશ થઈને નીકળવાની તૈયારી કરતા હતા એટલામાં એમની નજર બાથરૂમ પર પડી. બારણું બંધ હતું અને તિરાડમાંથી લાઇટ દેખાતી હતી. કોલંબસે હિન્દુસ્તાન માનીને અમેરિકા શોધતી વખતે જે હરખ અનુભવ્યો હશે એ જ હરખ અનુભવીને દલસુખકાકા બાથરૂમ પાસે જઈને બારણાં ઠોકવા લાગ્યા. એમના મત પ્રમાણે ધીમા અને સ્નેહાળ અવાજે કહેવા લાગ્યા, "જડાવ! બહાર નીકળ! હવે હું એવું નહીં કરું."

શાંતિ.

"જડાવ! આવું શું કરે છે? કોઈને ઘેર - લોક તમાશો જુએ એ તને સારું લાગે છે? બારણું ખોલ."

અંદરથી ભગવાને ખોંખારો ખાધો, પણ પ્રેમઘેલા દલસુખકાકા કંઈ સમજ્યા નહીં. એમણે એમની વિનંતી ચાલુ જ રાખી,

"જડાવ! ઓ જડાવ! તને મારા સમ, તું બહાર નીકળ!"

ભગવાન કદાચ મામલો ટેડો છે એવું સમજી ગયો હશે એટલે એણે ખોંખારા ખાવાના બંધ કર્યા. દલસુખકાકાને માટે આવી રીતે બોલવાનો પ્રસંગ કદાચ પહેલો જ હશે એટલે ધીરે ધીરે એ પોતાના અસલી મૂડમાં આવી ગયા અને બારણું ધમધમાવવા લાગ્યા. એમના અવાજની માત્રા પણ વધતી ગઈ.

"જડાવ! ઓ જડાવ! સમજતી હોય તો બારણાં ખોલ!"

બંને બારણાં એકસાથે ખૂલ્યાં.

બાથરૂમના બારણામાંથી ભગવાન બહાર નીકળ્યો અને બહારના બારણામાંથી જડાવકાકી અંદર આવ્યાં. આવતાંની સાથે એમણે લેક્ચર શરૂ કરી દીધું.

"શું છે? શ્રીકાંતભાઈના ઘરમાં પેસીને આખો માળો સાંભળે એટલી મોટી બૂમો કેમ પાડો છો?"

"જડાવ! તું આવી?"

"તે આવવાની જ હતી ને! તરુણીને બાબો આવ્યો ને હું તરત ઘેર આવવા નીકળી, પણ આ વચમાં જ તમારી બૂમાબૂમ સાંભળી એટલે અહીં આવી. એવો સરસ બાબો છે.! સાડા સાત પાઉન્ડનો છે!"

"તે તું ત્યાં ગઈ હતી?"

"હા. મેનાબહેન બોલાવવા આવ્યાં હતાં, પણ તમે કેમ અહીંયાં?"

"હું? એ તો.... એ તો...." દલસુખકાકા શરમાઈ ગયા. જોકે એમના ચહેરા પર શરમને પથરાવું બહુ ફાવે નહીં છતાં દેખાઈ આવતું હતું કે એ શરમાતા હતા. મમ્મી-પપ્પા હસી પડ્યાં

અને જડાવકાકીને માંડીને વાત કહી. એ બંને જણ ઘેર ગયાં ને પપ્પા છાપાનાં પાનાં શોધવા લાગ્યા ત્યારે મમ્મીએ સ્વેટર હાથમાં લઈને પૂછ્યું, “તમને શું લાગે છે? હવે મેનાબહેનને બારણામાં પાટિયું નહીં નંખાવવું પડે?”

# અમેરિકા! હું આવું છું!

કાર્તિક કાર્તિક કાર્તિક કાર્તિક એકધારા અવાજે બોલતું કોઈ મોટું પાંખ વગરનું પક્ષી ઘરમાં પેસી ગયું હોય એમ છોટિયાએ અમારે ત્યાં ઘમસાણ મચાવી મૂક્યું. મને લાગ્યું કે કાં તો એને કંઈક કરડી ગયું હશે નહીંતર પછી એને કોઈ નવી જાતનો રોગ થયો હશે. કારણ કે એ જરા પણ સ્થિર નહોતો રહી શકતો. એકસરખો કૂદ્યા કરતો હતો અને ઉત્સાહમાં આવીને ચકરડી-ભમરડી ફરતો હતો. પગ આગળ શું પડ્યું છે અને શું ઊથલી પડે એવું છે તે જોવાની એને જરા પણ દરકાર હતી નહીં. પરિણામે અમારા ઘરમાં બે-ત્રણ ખુરશીઓ આડી પડી ગઈ અને એક નાનું સ્ટૂલ ચાર પગ ઊંચા કરીને ઈશ્વરને ફરિયાદ કરવા લાગ્યું. ધડાકા-ભડાકા થયા તે તો જુદા.

“અલ્યા, છે શું? વાત તો કર!”

“હું અમેરિકા જવાનો!”

“છોટિયા! ગાંડો તો નથી થઈ ગયો ને?”

કાં તો છોટિયો ગાંડો થઈ ગયો હોય, કાં તો હું બહેરો થઈ ગયો હોઉં ને કંઈક ભળતું જ સાંભળતો હોઉં તે સિવાય તો આ વાત સમજાય એવી જ નહોતી. છોટિયાને - આ દુનિયાના આટલા બધા માણસોમાંથી આ છોટિયાને - કોણ અમેરિકા લઈ જાય?

“કાર્તિક કાર્તિક કાર્તિક કાર્તિક!”

“એક વાર કહે તો પણ ચાલશે. એમ ચાર વખત કાર્તિક કાર્તિક કાર્તિક કાર્તિક કરવાની કશી જરૂર નથી.” મેં ચિડાઈને કહ્યું.

છોટિયો સ્થિર થયો. મારી સામે જોવા લાગ્યો. પછી તાળી પાડીને કહેવા લાગ્યો, “હું સમજી ગયો! હું સમજી ગયો!”

“ઓ મૂરખના જામ! શું સમજી ગયો?”

“તને અદેખાઈ આવે છે!”

“શાની?”

“હું અમેરિકા જાઉં છું ને તને કોઈ નથી લઈ જતું તેની.”

હું અવાચક થઈ ગયો. એ બુદ્ધુની વાતમાં મને બુદ્ધિનો કંઈક અંશ દેખાયો. સત્યનો ચમકાર જણાયો. વાત ખોટી નહોતી. આવા છોટિયાને અમેરિકા જવાનું મળે અને મારા જેવો અહીં ખોટેખોટી પરીક્ષાનાં થોથાં ફાડ્યાં કરે એમાં મને અન્યાય લાગતો હતો. પણ ફરિયાદ ક્યાં કરવી? કોને કરવી?

“છોટિયા! સાચું કહે છે?”

“હા દોસ્ત - સોએ સો ટકા!”

"તું અમેરિકા જવાનો? ક્યારે? કોની જોડે?"

"હું, બાપા, બબલી, મારી બા, નાથિયો અને ભોજુ બધાં આવતે મહિને એકસાથે જ અમેરિકા જવાનાં."

છોટિયો નહોતો ફરતો તોય મને ફરતો દેખાયો. એની સાથે સાથે અમારા ઘરની દીવાલ, ખુરશીઓ, ટેબલ બધું ફરતું દેખાયું. છોટિયો અને નાથિયો જ આખા અમેરિકાને નેસ્તનાબૂદ કરી શકે એવા હતા. તેમાં પાછી બબલી! જેનું નાક કદી કોરું નહોતું રહી શકતું અને જેના વાળ હંમેશાં કોરા અને ફગફગતા જ રહેતા એવી બબલીને જોતાંવેંત મોટા ભાગના અમેરિકનો બેશુદ્ધ થઈ જશે એની મને ખાતરી હતી. બબલીનો ઘાંટો બેફામ હતો. બુદ્ધિ માઇનસ દસનો આંક બતાવતી હતી અને એને બોલ્યા કરવાનો શોખ હતો. એક વાર શરૂ કરે પછી એ અટકતી જ નહીં. કાં તો એને ખાવાનું આપો અગર એને ઊંઘાડી દો - કોઈ ત્રીજો રસ્તો નહોતો એને શાંત પાડવાનો.

ભોજુ છોટિયા કરતાં પણ ચંચળ હતો. એક પળ વાર પણ સ્થિર નહોતો રહી શકતો. એક વાક્ય એણે મોઢે કર્યું હતું. તે એ દિવસમાં બસો-પાંચસો વખત બોલતો. રાતે ઊંઘમાંથી ઉઠાડો તોય તરત બોલી નાખતો. એ વાક્ય હતું - મેં નથી કર્યું. જોકે એમાં એનો વાંક નહોતો. ભોજુની આસપાસ હંમેશાં કંઈ ને કંઈ નવાજૂની થયા જ કરતી અને લોકો વહેલેમોડે એની સામે નજર ઠેરવીને પૂછતા - સાચું બોલ! આ ગ્લાસ કોણે ફોડ્યો? પોપટનું પાંજરું કોણે ખોલ્યું? દૂધ કોણે ઢોળ્યું? ટેલિફોન કોણે નીચે પાડી નાખ્યો? - આવી જાતના અનેક સવાલો હંમેશાં ભોજુને પુછાતા. ગોળ ગોળ નિર્દોષ ચહેરો અને એનાથીય વધારે ગોળ ગોળ નિર્દોષ આંખોવાળો ભોજુ તરત કહી નાખતો - ખબર નહીં, મેં નથી કર્યું.

કોણ જાણે કયા વકીલે એને આ વાક્ય શિખવાડ્યું હશે, પણ હતું અકસીર, તેની ના નહીં. તમે એકનો એક સવાલ પંદર વાર પૂછો કે પંદર સવાલ અક્કેક વાર પૂછો, ભોજુનો જવાબ એક જ હોયઃ મેં નથી કર્યું. તેને ધમકાવો, મારો, બાથરૂમમાં પૂરી દો કે પોલીસને ટેલિફોન કરો. ભોજુ એટલે ભોજુ ને ભોજુનો જવાબ એટલે ભોજુનો જવાબ - મેં નથી કર્યું!

આ ફોજ અમેરિકા જવાની? અને તે પણ મંગુમાસી ને કરસનમાસા સાથે?

હા, એ વાત ખરી કે મંગુમાસી જેવી દાળ અમારા આખા બિલ્ડિંગમાં કોઈની નહીં. મેં નાનપણમાં બધાની રસોઈ વારાફરતી ચાખી જોઈ હોવાથી આ બાબતમાં મારો અભિપ્રાય વજનદાર ગણાય. અને હું ચોક્કસપણે જાહેર કરું છું કે દાળની બાબતમાં મંગુમાસીની બરાબરી કોઈ કરતાં કોઈ ના કરી શકે. પણ મંગુમાસીને અંગ્રેજીનો તો શું, હિન્દીનોય એકે શબ્દ આવડતો નહોતો. એ અમેરિકા જશે? તેલ નાખીને ઘસી ઘસીને ઓળેલા એમના ચકચકાટ વાળ, કાયમ થોડોક રેલો ઊતરેલો એમનો લાલચટક ચાંદલો, કાં તો લાલ કે કાં તો લીલા અને હંમેશાં થોડા મેલા એવા એમના છાપેલા સાલ્લા અને ઘોડો હણહણતો હોય એવું એમનું હાસ્ય! એ મંગુમાસી અમેરિકા જઈને શું કરવાનાં?

કરસનમાસા જરાક ઠીક કહેવાય, પણ અમેરિકાના બરના તો નહીં જ. એ કોઈ વકીલની ઑફિસમાં કારકુન હતા અને તેથી પોતાની જાતને ઘણી હોશિયાર માનતા હતા. પણ એમની કાળી ટોપી, ટૂંકું ધોતિયું અને આખો વખત પગ ચડાવીને સોફા પર કે ખુરશી પર બેસવાની ટેવ મારા મત મુજબ એમને અમેરિકાગમન કે અમેરિકાનિવાસ માટે નાલાયક ઠેરવતાં હતાં... તેમાં

પાછા એ તપકીર સૂંઘતા અને ધોતિયાના છેડાથી નાક લૂછતા. બિચારા અમેરિકનો આવું દૃશ્ય જોઈને હેબતાઈ ના જાય? આપણે ભારતની આબરૂનો કંઈક તો વિચાર કરવો પડે કે નહીં?

"છોટિયા! તમારા લોકોથી અમેરિકા ના જવાય." મેં કહ્યું.

"શાથી? તું કહે છે એટલે? અમે તો જવાના!" વળી પાછો છોટિયો ઉત્સાહપૂર્વક ફુદરડી ફરવા લાગ્યો. "હું ને ભોજુ ને બબલી ને નાથિયો ને મારા બાપા ને મારી બા! બધ્ધાં... બધ્ધાં અમેરિકા જવાનાં! ને પાછાં નહીં આવવાનાં."

"અરે!"

ખરું જોતાં આ કુટુંબમાંથી કોઈ પાછું ન આવે તેમાં કશો અફસોસ કરવા જેવું નહોતું, પણ મને અમેરિકનો ગોરા છે એટલે ગમે છે. આઇસક્રીમપ્રેમી છે એટલે વધારે ગમે છે. કોઈ કહેતું હતું કે અમેરિકનો કાળા, પીળા અને રાતા પણ હોય, પરંતુ એ વાત હું નથી માનતો. એમ તો કાલે ઊઠીને કોઈ એમ પણ કહે કે અમેરિકનો આઇસક્રીમ નથી ખાતા તેથી શું મારે એ પણ માની લેવું? મને ખબર છે કે એ લોકો ગોરા છે અને એ લોકો પુષ્કળ આઇસક્રીમ ખાય છે. એવા મઝાના માણસો પર આ લોકોની ટોળકી છોડી મૂકીએ અને તે પણ કાયમ માટે, એ કંઈ સારું કહેવાય? હરગિજ નહીં. એટલે મારા મોંમાંથી સરેલો 'અરે' અમેરિકનો પ્રત્યે હમદર્દી દર્શાવવા માટે હતો - નહીં કે નાથિયા, ભોજિયા, છોટિયા ઍન્ડ કંપનીના આગામી વિરહને કારણે.

"કાર્તિક કાર્તિક!"

"શું છે?"

"હું તને ક્રિસમસ કાર્ડ મોકલીશ. હં કે! અને આવતે વરસે મારી નવી મોટરનો ફોટો મોકલીશ."

"શા માટે?"

"તને જલાવવા. તારી પાસે તો હજી મોપેડ પણ નથી ને!"

આ પ્રસંગે એક જ ઉત્તર યોગ્ય હતો અને તે મેં આપ્યો. છોટિયાને બોચીથી પકડીને ઊંચામાંની બે ચોડી દીધી. તે ભેગો એ ટાંઉં ટાંઉં કરતો બહાર ભાગી ગયો અને એના અમેરિકાગમનના સમાચાર સાથે સાથે 'કાર્તિકે મને માર્યું' એવો ઉમેરો પણ મફતમાં વહેંચવા લાગ્યો.

કંઈ નહીં. છો ગયો. એને મારવામાં કંઈ પાપ નથી એવું તો અમારા બિલ્ડિંગમાં ક્યારનું નક્કી થઈ ગયું હતું એટલે કોઈ મને કંઈ કહેવા આવવાનું નહોતું, પણ એણે આપેલા પેલા જાલિમ સમાચારનું શું?

ખરેખર આ લોકો અમેરિકા જશે? સ્વતંત્રતાની દેવીના પૂતળા સામે જોઈને કરસનમાસા તપકીર સૂંઘશે? એના દેખતાં ધોતિયાના છોડાથી નાક લૂછશે? અને અમેરિકનો એ ચલાવી લેશે?

અને બબલી, ભોજુ, છોટિયા, નાથિયાનું શું? એ લોકો ત્યાં ગોરા અમેરિકનો ભેગા ભણવા જશે? દોઢ દોઢ ફૂટ ઊંચા કાચના ગ્લાસમાંથી રંગબેરંગી આઇસક્રીમ ખાશે? અને હું અને મારા જેવા બીજા અનેક કેલૈયાકુંવરો આ બધું જોતા રહી જઈશું?

ના બને.

આમાં કંઈક કરવું જોઈએ. અને તે પણ ઝટપટ. ઘરમાં બીજું કોઈ હતું નહીં એટલે મેં ભગવાનને જગાડ્યો.

"ભગવાન! મને ચા કરી આપ."